# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-03-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## વિશ્વ જળ દિવસ:

**આજે 22 માર્ચે વિશ્વ જળ દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસ મીઠા પાણીના મહત્વ અને જળ સંશાધનોની યોગ્ય વ્યવસ્થા અંગે જાગૃતિ વધારવા ઉજવાય છે.**

**આ વર્ષનો વિષય 'ગ્લેશિયર સંરક્ષણ' છે. તે વૈશ્વિક મીઠા પાણીના પૂરવઠાને જાળવી રાખવામાં ગ્લેશિયરની મહત્વની ભૂમિકા અને આબોહવા સંરક્ષણ ઉપાયોની તાત્કાલિક જરૂરિયાત પર ભાર આપે છે.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 'વિશ્વ જળ દિવસ' પર જળ સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન આપવા દેશની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ જળ સંરક્ષણના મહત્વ પર પ્રકાશ પાડતા વીડિયો પણ રજૂ કર્યો. તેમણે ભવિષ્યની પેઢીઓ માટે પાણીને સાચવવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.**

**------------------------------------------------------------------------------------------**

## મનરેગા માટે વર્ષ-2025-26નું અંદાજપત્ર:

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના મનરેગા માટે વર્ષ 2025-26નું અંદાજપત્ર જિલ્લા પંચાયતમાં અન્વેષણ માટે મૂક્યું હતું, જેમાં કચ્છની 623 ગ્રામ પંચાયતો દ્વારા 39,814 પરિવારોને 1 વર્ષ દરમિયાન 8 લાખ માનવદિનની રોજગારીની દરખાસ્ત કરવામાં આવી છે.

નાબય જિલ્લા વિકાસ અધિકારી સી.આર. પ્રજાપતિએ વાંચન કરેલા બજેટમાં જણાવાયું હતું કે, કુલ 623 ગ્રામ પંચાયતોએ ગ્રામસભાઓ ભરી હતી. સરપંચો અને તલાટીઓ દ્વારા

ગ્રામજનોની હાજરીમાં થયેલી ચર્ચા મુજબ કચ્છની 623 ગ્રામ પંચાયતોમાં 39,814 સક્રિય જોબકાર્ડ છે. જેમને 8 લાખ 7 માનવદિન રોજગારી આપવાની થાય છે, જેથી જિલ્લા કક્ષાએ તમામ ગામોમાં વિકાસના બાકી રહેલા અને લોકભોગ્ય ગુણવત્તાસભર અસ્ક્યામતોનું નિર્માણ થાય તે માટેના કામો સમાવિષ્ટ કરવા નક્કી કરાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## બેન્ક કર્મચારીઓની હડતાલ મુલતવી:

કચ્છમાં 12 રાષ્ટ્રીયકૃત  બેન્કોની 200 શાખાઓના 1200થી વધુ અધિકારી, કર્મચારીઓ સોમ અને મંગળવારે હડતાલ પર ઉતરવાના હતા પરંતુ સરકાર સાથે વાટાઘાટો સકારાત્મક રહેતાં હાલ પૂરતી હડતાલ મોકુભ રાખવામાં આવી છે.

ગુજરાત બેન્ક વર્કસ યુનિયનના કચ્છના મંત્રી અશોક ભટ્ટે જણાવ્યું હતું કે, યુનાઇટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન દ્વારા 48 કલાક એટલે કે, બે દિવસ માટે આંદોલનાત્મક કાર્યક્રમોનું એલાન અપાયું હતું. જે મુજબ આગામી તા.24 અને 25 માર્ચે રાષ્ટ્રીયકૃત બેન્કોના અધિકારીઓ, કર્મચારીઓ વિવિધ પડતર પ્રશ્નો મુદ્દે હડતાલ પર ઉતરવાના હતા પરંતુ સરકાર સાથે થયેલી બેઠકમાં અમુક પ્રશ્નો મુદ્દે વાતચીત સફળ રહી છે, ત્યારે એપ્રિલના અંત સુધી સંતોષજનક પરિણામની આશાએ હડતાલ હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે અને આગામી દિવસોમાં બેન્કો રાબેતા મુજબ ચાલુ રહેશે તેમ શ્રી ભટ્ટે ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## દીનદયાલ પોર્ટ ઓથોરિટી કંડલા:

દેશના અગ્ર હરોળના દીનદયાલ  પોર્ટ ઓથોરિટી કંડલા દ્વારા નાણાકીય વર્ષ 2025-26 માટે નીતિ સ્થિતરતા અને પોર્ટ સંચાલન વધુ સુગમ બનવવા, ટકાઉ વિકાસને પ્રોત્સાહિત કરવા વ્યૂહાત્મક પગલાં લેવાની જાહેરાત કરાઈ છે. બંદર ઉપભોક્તાઓ સાથે આ સંદર્ભે યોજાયેલી બેઠકમાં વિવિધ બાબતોની નીતિ સંદર્ભે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ડીપીએ ચેરમેન સુશિલકુમાર સિંઘે આ બેઠકમાં હરિત સાગર દૃષ્ટિકોણ હેઠળ ભારતના મહત્વકાંક્ષી પર્યાવરણીય

લક્ષ્યોને સમર્થન આપતા સ્થિર વ્યવસાય અને મૈત્રીપૂર્ણ વાતાવરણ પૂરું પાડવા ડી.પી.એ. પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

દરમ્યાન, એક મહત્વના પગલાં અંતર્ગત પોર્ટ દ્વારા 1 એપ્રિલથી નવી બર્થિંગ પોલિસી અમલમાં મૂકવામાં આવી રહી છે. આ માટે ભાવપત્રકને સરળ બનાવવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા છે તેમ પણ બેઠકમાં જણાવાયું હતું.

---------------------------------------------------------------------------------------------

## પશ્ચિમ-કચ્છ પોલીસ:

ગુજરાત પોલીસ મહાનિદેશક વિકાસ સહાયની સૂચના મુજબ કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે પૂર્વ કચ્છ પોલીસે એક નવતર પહેલ કરી છે. પોલીસે અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા 262 લોકોને ગાંધીધામ હેડક્વાર્ટર ખાતે બોલાવી ચેતવણી આપી, કાન પકડાવી હવે ગુનાઓ ન કરવા સમજાવ્યાં હતા.

સરહદી રેન્જ-ભુજના IGP ચિરાગ કોરડીયા અને પૂર્વ-કચ્છના SP સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ આ કાર્યવાહી અંતર્ગત સરકારી જમીન પર દબાણ, ગેરકાયદે વીજ કનેક્શન, અવૈધ નાણાકીય વ્યવહાર, દારૂ-જુગાર અને મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા લોકોને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગર પાલિકા:

ચાલુ નાણાકીય વર્ષના અંતને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગાંધીધામ મહાનગરપાલિકાનું તંત્ર લગભગ 31 કરોડ 50 લાખની વેરાની વસુલાત માટે સક્રિય થયું છે. આ માટે આગમી તમામ જાહેર રજાઓના દિવસે પણ ગાંધીધામ આદિપુર તેમજ ઝોન કચેરીઓ ખુલ્લી રાખીને વેરાની વસુલાત કરવામાં આવશે.

49 કરોડ 50 લાખની સામે મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં 18 કરોડની આસપાસની વેરા વસુલાત થઈ છે જ્યારે આગામી સમયમાં 31 કરોડ 50 ની વસૂલાત કરવાની

થાય છે. નાયબ મ્યુનિસિપલ કમિશનરે ગાંધીધામ મહાનગરપાલિકાના મહાનગરપાલિકા વિસ્તારના શહેરી તેમજ ગ્રામ્ય તમામ કરદાતાઓને 31 મી માર્ચ-2025 સુધીમાં બાકી તમામ વેરાઓ ભરવા માટે અપીલ કરી છે.

---------------------------------------------------------------------------------------------------

## ઇન્ડિયન પ્રીમિયર લીગ:

સમગ્ર ક્રિકેટ જગતમાં જેનું આકર્ષણ ચરમસીમાએ રહેતું હોય છે તેવી ઇન્ડિયન પ્રીમિયર લીગ-I.P.L.ની 18મી આવૃત્તિનો આજથી પ્રારંભ થશે. પ્રથમ મેચ આજે કોલકાતામાં વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વચ્ચે રમાશે. આ મેંચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

આઇ.પી.એલમાં દસ ટીમો ભાગ લઈ રહી છે. ગુજરાતમાં અમદાવાદ ખાતે આ વખતે 7 જેટલી મેચ રમાશે. આઈપીએલને લઈને કચ્છના ક્રિકેટરસિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------------